# Telephone Conversation between PM and King of Hashemite Kingdom of Jordan

April 16, 2020

## વડાપ્રધાન અને હાશીમાઈટ કિંગ્ડમ જોર્ડનનાં રાજા વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 16, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હાશીમાઈટ કિંગ્ડમ જોર્ડનનાં રાજા મહામહિમ અબ્દુલ્લાહ II સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને આવનારા પવિત્ર રમઝામ મહિના માટે મહામહિમ અને જોર્ડનનાં લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારી દ્વારા વિશ્વ સમક્ષ ઉભા થયેલા પડકારો અંગે, અને તેની અસરક મર્યાદિત કરવા તેઓનાં સંબંધિત દેશોમાં લેવામાં આવી રહેલા પગલાઓ પર ચર્ચા કરી હતી. તેઓએ માહિતી અને શ્રેષ્ઠ પ્રથાઓનાં આદાન-પ્રદાનથી અને જરૂરી પૂરવઠાઓની સુવિધાઓ પૂરી પાડીને મહત્તમ સંભવિત હદમાં એકબીજાનાં પ્રયાસોમાં સહાયક બનવા સંમત થયા હતા.

વડાપ્રધાને જોર્ડનમાં હાજર ભારતીય નાગરિકોને પ્રદાન કરેલી સહાયતા બદલ મહામહિમનો આભાર માન્યો હતો.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે તેઓની ટીમો કોવિડ-19 સંબંધિત મુદ્દાઓ પર, તથા અન્ય પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર સંપર્કમાં રહેશે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 16, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.